SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 28. બનાસકાંઠા જિલ્લાની વિચરતી જાતિ 'બજાણીયા જાતિ' : એક અભ્યાસ

*ડૉ. પ્રતીક્ષા એમ. પરમાર*

આપણો દેશ ભારત અનેકવિધ વૈવિધ્યપૂર્ણ સાંસ્કૃતિક વારસો ધરાવતો દેશ છે. આપણા દેશમાં અનેક વિવિધતાઓ હોવા છતાં આખો દેશ એકસૂત્રે બંધાયેલો છે તે પણ એક આગવી વિશિષ્ટતા છે. ભારત દેશ વિવિધ ધર્મો, જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓ યુક્ત હોવા છતાં આ બધી વિવિધતામાં પણ એકતા એ આપણા દેશની એક આગવી ઓળખ છે.

અનેક જ્ઞાતિ અને જાતિઓ ધરાવતા આપણા દેશમાં એવી પણ કેટલીક જાતિઓ રહી છે જે સતત એક જગ્યાએથી બીજી જગ્યાએ ભ્રમણ કરતી રહી છે. જેને આપણે વિચરતી કે વિમુક્ત જાતિઓ તરીકે ઓળખીએ છીએ. આમ વિચરતી અને વિમુક્ત જાતિ એટલે ખાસ તો વ્યવસાય અને અન્ય કારણોને કારણે એક સ્થળેથી બીજે સ્થળે સતત ભ્રમણ કરતી રહે તેવી જાતિઓ.

વિચરતી અને વિમુક્ત જાતિઓ વિશે એક ગૌરવની વાત એ છે કે ઈસવીસન 1857 ના વિપ્લવ માં સ્વાતંત્ર્ય સંગ્રામમાં આ જાતિઓની મોટી ભૂમિકા રહી છે જેને કારણે અંગ્રેજોએ આ જાતિઓને અન્ય જાતિઓથી અલગ કરી ઈસ.1871 માં ક્રિમિનલ ટ્રાઈબઝ એક્ટ-1871 અંતર્ગત આ જાતિઓ પર આરોપ લગાવી ગુનેગાર ઘોષિત કરી. જેને કારણે લોકો પણ આ જ્ઞાતિઓના સહવાસથી દૂર ભાગવા લાગ્યા ને એટલે જ આ જ્ઞાતિઓ કોઈ એક જગ્યાએ સ્થાયી ન થઈ શકી.

છે ભારત સરકારે સ્વતંત્રતા બાદ ઇસ. 1952માં આ કાળા કાયદામાંથી આ જાતિઓને મુક્ત કરી ત્યારબાદ આ જાતિઓ વિમુક્ત જાતિઓ તરીકે સન્માન ભર્યું સ્થાન પામી.

ગુજરાત રાજ્યમાં વર્ષ 2020 સુધીમાં પ્રસિદ્ધ થયેલ યાદી મુજબ વિચરતી જાતિઓમાં 28 અને વિમુક્ત જાતિઓમાં બાર જાતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. વિચરતી જાતિઓને NT :Nomadic Tribes તરીકે અને વિમુક્ત જાતિઓનેDNT : Denotified Tribes તરીકે ઓળખવામાં આવે છે.

વાત કરીએ ગુજરાતની ઉત્તરે રાજસ્થાનની સરહદને અડીને આવેલા અને બનાસ નદીને કાંઠે વસેલા બનાસકાંઠા જિલ્લાની. બનાસકાંઠા જિલ્લામાં પણ વિચરતી જાતિઓ એક ગામથી બીજે ગામ રજળપાટ કરી પોતાનું પેટીયું રળતી રહી છે. જેમાં બજાણીયા, વાદી,કાઠી, મદારી, વાંસફોડા, કાંગસિયા, સરાણીયા વગેરે જેવી કોમો નો સમાવેશ થાય છે.

બનાસકાંઠા જિલ્લામાં વિચરતી જાતિઓ પૈકી બજાણીયા જાતિ પણ વિચરતી જાતિમાં સમાવિષ્ટ છે.

આમ તો આ જાતિ ગુજરાતમાં પણ વિચરતી રહી છે. એટલે કહી શકાય કે ગુજરાતના ગામડાઓમાં અઢારે વરણનું મનોરંજન કરનાર નટ બજાણીયા તરીકે જાણીતી આ કોમમાં આજે તો અનેક પરિવર્તનો આવ્યા છે. પરંતુ બજાણીયા કોમના ઇતિહાસની વાત કરીએ તો પ્રાચીન ભારતમાં ૧૪ વિદ્યા અને ૬૪ કલાઓ જાણીતી હતી તેમાં નટ બજાણીયા ની વિદ્યાને નવમી વિદ્યા ગણવામાં આવે છે.

**"નટ વિદ્યા નવમી કહું ,ચડવું વૃક્ષને વાંસ**
**લઘુ ગુરુ જાણવા ગજ,ઊંટ અને અશ્વ"**

વાંસની ઘોડી પર દોરડું બાંધી તેના પર ચડીને વિવિધ પ્રકારના ખેલ કરનાર આ લોકો નટ ગોડીયા બજાણીયા કે નટ બજાણીયા તરીકે જાણીતા છે. ગામડામાં ખેલ કરવા જનાર નટ બજાણીયા ની આઠ- દસ ની ટોળી હોય છે. તેમના ગામ વહેંચાયેલા હોય છે આ ટોળિયો પોત

પોતાના પંથકમાં ગામડામાં ફરીને ખેલ કરે છે. ગામના પાદરમાં દેવમંદિરના ચોકમાં કે ચોરે પડાવ નાખે ને ગામના મુખી - પટેલને મળી ગામમાં ખેલ રમવાની રજા માંગે છે.

બજાણીયા સામાન્ય રીતે રાત્રે અને દિવસે એમ ખેલ કરીને બતાવતા હોય છે. રાત્રે રમનાર નટ બજાણીયા **'ભડકીયા નટ'** તરીકે ઓળખાય છે. ભડકીયા નટ તરીકે ઓળખાવવાનું કારણ એ કે તેઓ જ્યારે રાત્રે ખેલ રમતા હોય ત્યારે ગામમાં જઈ કોઈના ઘરેથી ઘાસતેલ માંગી લાવી પાણી ભરેલા વાસણમાં રેડી એમાં દીવો સળગાવી ને ભડાકા કરી ખેલ કરે છે. પછી ઢોલ શરણાઈના તાલે દોરડા પર થાળી મૂકીને ચાલે છે. તો વળી માથા પર બેડું મૂકી વાંસ પર ચડવું, પેટ પર વાંસની અણી ટેકવી ચક્કર ચક્કર ફરવું જેવા અનેક હેરત પમાડે તેવા કર્તબો આ બજાણીયા જાતિના લોકો કરતા હોય છે.

દિવસે ખેલ કરનાર બજાણીયાઓ ખાસ કરીને નટ બજાણીયા તરીકે ઓળખાય છે. તેઓ ક્યારેક ગધેડાની પીઠ પર નાના બાળકને બેસાડીને દોરડે ચડીને ખેલ બતાવે છે. નટ બજાણીયા હનુમાનજી ને પોતાના આદ્યપુરુષ માને છે. બાળક માતાના ઉદરમાં હોય ત્યારથી જ સગર્ભા નારીને તલનું તેલ પીવડાવવાનું શરૂ કરે છે. બાળકના જન્મ પછી પણ તેલની માલિશ શરૂ કરે છે તેઓ કહે છે કે;

**" જેટલો તેલ એટલો ખેલ "**

બજાણીયા બાબતે કેટલીક લોક પ્રચલિત કથાઓ પણ મળે છે જેમાં ઉડણસિંહનો ઉલ્લેખ પણ થયો છે. આ એક એવા માણસ હતા જે સુપડું બાંધીને ઉડતા હતા અને ઈચ્છે ત્યાં જઈ શકતા હતા. તેવી શક્તિ તેમણે સિદ્ધ કરી હતી. તેથી તેમનું નામ ઉડણસિંહ એમ પડેલું.

આ ઉપરાંત જૂનાગઢના રાજા રા ખેંગારના સમયમાં સીતાપુર ગામમાં રામજી કરીને ગોડ બજાણિયો રહેતો હતો. તે પણ હાથ ચાલાકી અને નજરબંધીના ખેલ કરવામાં પાવરધો હતો. જ્યાં પણ ખેલ કરવા જાય ત્યાં ચોકમાં ફાટેલા તૂટેલા કપડાં પાથરી, થાળી વગાડી નાના છોકરાઓ, સ્ત્રીઓ અને વડીલોને ભેગાં કરી ગુરુ પરંપરાથી સિદ્ધ થયેલા વિનોદ દ્વારા એક પણ શબ્દ ફેરવ્યા વિના બધાને હસાવે. જાત - જાતના વિચિત્ર આસનો કરી નાકની અણી પર થાળી અધ્ધર રાખે પછી માથું તથા હાથ નીચે રાખી તડકામાં જગારા મારતા ગોળા ઊંચા નીચા ઉછાળે અને પગથી જીલે. વળી આ ગોળા પેટમાં નાખી મોંમાંથી કાઢે તો વળી રાણી છાપ ના એક રૂપિયા માંથી ખોબો ભરીને રૂપિયા બનાવે આવા અનેક ખેલ તે કરતો.

આ ઉપરાંત પણ બજાણીયાઓ જાત જાતના ખેલ કરતા તેઓ તેમના વંશજો આજે પણ યાદ કરીને ગૌરવ અનુભવે છે. જેમાં બજાણીયા કોમના લોકો ઘણીવાર ગામ આખાની હાજરીમાં સાથી બજાણીયા ને કપડાના જાડા સલાખામાં બેસાડી તેની ગાંસડી બાંધી કોઈકના ઘરમાં પુરી દેતા અને ચોકમાં આવી તાળીના એક, બે ને ત્રણ અવાજ સાથે ગાંસડીમાં પુરેલા એ માણસને હાજર કરી દેતા તો વળી ક્યારેક જમીન પર સુવડાવી તેની છાતી પર પાંચ મણનો પથ્થર મૂકી પાણીની અંજલી છાંટી તેના ટુકડા કરી નાખે અને છાણાંના સળગતા ભઠ્ઠામાં તેને નાખે અને ફરી લોકો સમક્ષ એને જીવતો જાગતો ખડો કરી દેતા તેવા પણ કરતબ બજાણીયા કોમના લોકો કરતા.

જોનારને રસ પડે એટલે આ નટ બજાણીયાઓ દસેક ફૂટ સુતરની લાંબી દોરી લઈ અને બાળી રાખ કરી પાણીમાં નાખી પાણી પી જાય પછી જમિયલશા પીર ની આરતી કરી પોતાના પેટમાં છરીના ઘા મારી હતો એવો દોરો બહાર કાઢે.

તો વળી બીજા બજાણિયાના હાથમાં લોઢાની હથકડીયો પહેરાવીને પછી હનુમાનજીનું નામ લઈ 'હૂક'

કરે ત્યાંતો હાથકડિયો તૂટીને નીચે પડે.

ક્યારેક વળી આ નટ બજાણીયા આશ્ચર્યની સાથે વિનોદ પણ કરાવતા. માથા પર અગ્નિ પ્રગટાવી તપેલીમાં ચા બનાવી ગામના મુખીને પીવડાવે. તો વળી નાના છોકરાને જમીન પર ચત્તું સુવડાવીને તેના પેટ પર ડીંડોલીયા થોર નો કટકો મૂકે અને એક બજાણીયા ની આંખે પાટા બાંધી હાથમાં તલવાર આપી ગોળ ગોળ ગુમાવે બજાણિયો ફરતો ફરતો છોકરા પાસે આવી પેટ પર રહેલા ડીંડોળિયા થોરના કટકા કરી નાખે ને ત્યાં તો જોનારના શ્વાસ અધર થઈ જાય.

ખેલ પૂરો થતાં લોકો સમક્ષ ખરડો ( પૈસાની ઉઘરાણી) કરે અને લોકો યથાશક્તિ અનાજ અને પૈસા આપે ને આમ બજાણીયા કોમના જીવતરનું ગાડું ચાલ્યા કરે.

ગામના તમામ લોકોના સહકારથી ગામમાં ખેલ થઈ શકે એટલે જો ગામમાં બે પક્ષ હોય તો તેઓ બંને પક્ષને ખુશ રાખવાની કોશિશ કરતા ને એટલે જ કહેવત પડી;

**" બજાણીયાની ઢોલકી બેય કોરે વાગે "**

બંને પક્ષના વખાણ કરી પોતાનું કામ કાઢનાર આ કોમ માટે આ કહેવત પડેલી.

બજાણીયા કોમના લોકોની વેશભૂષા પણ પોતાની આગવી છે જે તેમની અલગ ઓળખ છે. બજાણીયા કોમના લોકો અંદરો અંદર પોતાની એક આગવી જ બોલીનો ઉપયોગ કરતા હોય છે જે માત્ર તેઓ જ બોલી - સમજી શકે છે જેને પારસી બોલી તરીકે તેઓ ઓળખે છે. બજાણીયા કોમમાં આમ તો મુખ્ય બે શાખાઓ છે જેમાં એક તે શામળીયા અને બીજા જેતમાલ આ બંને ભાઈઓ હતા જેના પરથી બે શાખાઓ પ્રસિદ્ધ થઈ. આજે પણ આ સમાજમાં કેટલીક પરંપરાઓ એમ ને એમ જળવાઈ રહી છે. લગ્ન પ્રસંગ અને મૃત્યુના પ્રસંગે પરંપરિત પ્રથાઓ હજુ ચાલી આવે છે.

આજે તો મનોરંજનના સાધનો ગામડા સુધી પહોંચી ગયા છે .ટી.વી., રેડિયો ,મોબાઈલ એટલે આવા ખેલ કરનારા બજાણીયાઓના ધંધા પણ ભાંગી પડ્યા છે. તો વળી કદરદાનો ના હોવાથી બજાણીયા કોમના લોકો પણ હવે વંશ પરંપરાગત ધંધા છોડી જે મળે તે કામ કરવા લાગ્યા છે. આ બધી બાબતોની વચ્ચે હૃદયને શાતા મળે એવી વાત એ છે કે બનાસકાંઠામાં અજાણ્યા કોમ અને આવી તો અનેક વિચરતી જાતિઓ માટે VSSM સંસ્થાએ જે કામ કર્યું છે તે સાચે જ વંદનીય છે. અનેક વિચરતી જાતિઓના લોકોને સરનામા વગરના આ લોકોને એક સ્થાયી ઘર, ગામ અને સરનામું આપવાનો પ્રયત્ન કરનાર પરમવંદનીય મિતલબેન પટેલને જેટલું સન્માનીએ તેટલું ઓછું છે. સાચે જ મિતલબેન પટેલ જેવી વ્યક્તિઓ આપણા ગુજરાતનું સાચું ગૌરવ છે. જો કે તેઓ માત્ર બનાસકાંઠામાં જ નહીં પરંતુ સમગ્ર ગુજરાતમાં વિચરતી જાતિઓ માટે સતત તેમના વસવાટ અને વિકાસ માટે પ્રયત્નો કરતા રહે છે.

આજે દરેક સમાજની જેમ બજાણીયા જાતિના સમાજમાં પણ અનેક યુવા સંગઠનો અસ્તિત્વમાં આવ્યા છે. જે પોતાના સમાજના વિકાસ માટે પ્રતિબદ્ધ છે. પોતાનો સમાજ શિક્ષિત બને અને આગળ આવે એના માટે આ સંગઠનો સંનિષ્ઠ પ્રયત્ન કરે છે તે ગૌરવની વાત છે. આ સાથે નજીક સંગઠનો સેવાકીય પ્રવૃત્તિ પણ કરે છે. હજુ પણ આ જ્ઞાતિમાં અન્ય સમાજોની તુલનાએ શિક્ષણ ઘણું જ ઓછું છે. ત્યારે રણમાં વિરડી સમાન ઉચ્ચ શિક્ષણ મેળવતા વિદ્યાર્થીઓને મળીને સાચે જ આનંદ થાય છે. આ વિદ્યાર્થીઓની અગવડતાઓને દૂર કરી સરળતાથી શિક્ષણ મળી રહે તેવો પ્રયત્ન કરવામાં પણ ખૂબ આનંદ અનુભવાય છે.